ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનીટ્સ–૩/ ૨૦૨૪/૧૨૮૪

તા:–૧૦/૦૬/૨૦૨૪

પ્રતિશ્રી,

તમામ સભ્યશ્રીઓ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય** :– બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનીટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૦૭/૦૬/૨૦૨૪ શુક્રવારના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મીનીટ્સ

નકલ રવાના :–
૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

તા.૦૭/૦૬/૨૦૨૪ ગુરૂવારના રોજ ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનીટ્સ નોધ

આજ રોજ તા.૦૭/૦૬/૨૦૨૪ ના ૦૩:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં બોર્ડ ઓફ મેનેજમેન્ટની પ્રથમ મિટીગ મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડાં. મોહન પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડાં. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડાં) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડાં) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજયુકેશન<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૫. | ડાં. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડાં. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડાં. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી,<br>ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૦. | ખાલી<br>..............................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૫. | ખાલી<br>..............................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૬. | ખાલી<br>..............................<br>એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેકટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ઓનલાઈન હાજર |
| ૧૮. | ડૉ. અનિલ ગોર<br>કુલસચિવ | મેમ્બર<br>સેક્રેટરીશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦/૦૪/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ બહાલ રાખવા બાબત..

**ઠરાવ :૧ ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૨૦/૦૪/૨૦૨૪ના રોજ મળેલ મિટીંગની મિનિટ્સ નોંધ સર્વાનુમતે બહાલ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૨. શૈક્ષણિક જગ્યાઓની આપેલ જાહેરાત અનુસાર આવેલ અરજીની સ્ક્રુટીની કરવા હેતુ સમિતિની રચના કરવા તથા ભરતી પ્રક્રિયામાં મેરિટ બનાવવા માટે માર્કીંગ સ્કિમના ફોરમેશન બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૨ **શૈક્ષણિક જગ્યાઓની આવેલ અરજીઓની સ્ક્રુટીની કરવા માટે ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ–૨૦૨૩ અનુસારના સ્ટેચ્યુટસ નં.– ૧૨૬ –માં સ્ક્રુટીની કમિટીના આપેલ ફોરમેશન અનુસારની કમિટીની રચના કરવાનું તથા આ સાથે સામેલ રાખેલ પ્રોફેસર/ એસોસીયેટ પ્રોફેસર અને આસીસટન્ટ પ્રોફેસરની માર્કિંગ સ્કિમની ફોરમેટ (પત્રક–૧ તથા ૨) સર્વાનુમતે મંજૂર રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.**

૩. બિન શૈક્ષણિક જગ્યાઓની ભરતી પ્રક્રિયાના ભાગરૂપ મેરિટ બનાવવા માટે માર્કીગ સ્કિમના ફોરમેશન બાબતે ચર્ચા–વિચારણા તથા પરીક્ષા યોજવા બાબત તેમજ મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી વ્યકિતઓનું મેરિટ લીસ્ટ સ્ક્રીનીગ ટેસ્ટમાં બનાવવું તે બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૩ **બિન શૈક્ષણિક જગ્યાઓ માટે આવેલ અરજીઓ સંદર્ભે માર્કીગ સિકમ (પત્રક–૩ અને ૪) બહાલ રાખવામાં આવે છે અને પ્રથમ સ્ક્રીનીગ પરીક્ષા તમામ અરજી કરેલ ઉમેદવારોની લેવી અને ત્યાર બાદ પ્રોવિઝનલ મેરિટ યાદી તૈયાર કરી તેમાં સમાવિષ્ટ ઉમેદવારોની લાયકાત ચકાસ્યા બાદ લાયક ઉમેદવારો પૈકી મંજૂર થયેલ જગ્યાની સામે ૧૦ ગણા ઉમેદવારની અંતિમ મેરિટ યાદી તૈયાર કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. કચ્છ યુનિવર્સિટી પરિસરના ભવનોમાં છ નવા અભ્યાસક્રમો ગ્રેજયુએટ તથા પોસ્ટગ્રેજયુએટ સ્તરે ચાલુ કરવા બાબત.

| | |
|---|---|
| ૧. એમ.એ. (હિન્દી) | ૨. બી.એસ. (કોમ્પ્યુટર સાયન્સ) |
| ૩. બી.કોમ. (હોનર્સ) | ૪. બી.વોક. (હોસ્પીટાલીટી એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ) |
| ૫. બી.એસ. (ફાઈન આર્ટ્સ) | ૬.એમ.એસ.(પાંચ વર્ષ–ઈન્ટી.)(પબ્લીક હેલ્થ ન્યુટ્રીશન એન્ડ ડાયેટ) |

ઠરાવ :૪ **કચ્છ યુનિવર્સિટી પરિસરના ભવનોમાં ઉપરોક્ત છ નવા ગ્રેજયુએશન તથા પોસ્ટગ્રેજયુએશન લેવલના અભ્યાસક્રમો ચાલુ શૈક્ષણિક વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૪–૨૫થી શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે.**

૫. શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક અધિકારી/ કર્મચારીઓના કામગીરી મૂંલ્યાકન અહેવાલ (Performance Appraisal Report) દર વર્ષે ભરાવવા બાબતે મંજૂરી આપવા તથા તેની ફોરમેટ બહાલ રાખવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ :૫ **કચ્છ યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં નિયમીત અને હંગામી શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક અધિકારી/ કર્મચારીઓના કામગીરી મૂલ્યાકન અહેવાલ (Performance Appraisal Report) વર્ષ ૨૦૨૩–૨૪ થી દર વર્ષે ભરાવવા તથા તેના માટે બનાવવામાં આવેલ ફોરમેટ (કલાસ ૧ અને ૨ તથા કલાસ ૩ અને ૪) બન્ને (પત્રક–૫ અને ૬) સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૬. પ્રો. ડૉ. દર્શનાબેન ધોળકિયા, અધ્યક્ષ, ગુજરાતી વિભાગે પ્રોફેસરમાંથી સિનીયર પ્રોફેસરનો ગ્રેડ મેળવવા કરેલ અરજી અન્વયે વિચારણા.

**ઠરાવ :૬** **પ્રો. ડૉ. દર્શનાબેન ધોળકિયા, અધ્યક્ષ, ગુજરાતી વિભાગે પ્રોફેસરમાંથી સિનીયર પ્રોફેસરનો ગ્રેડ મેળવવા કરેલ અરજી અન્વયે કરવાની થતી આગળની કાર્યવાહિ સબબ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**પ્રો. ડૉ. દર્શનાબેન ધોળકિયાની સત્રના લાભ સાથે તા.૧૪/૦૬/૨૦૨૪ ના સેવા નિવૃત્ત થઈ રહેલ હોઈ તેઓશ્રીનો નિવૃત્ત વિદાય સમારોહ તા.૧૪/૦૬/૨૦૨૪ ના રોજ યોજવાનું નકકી કરવામાં આવે છે.**

૭. દિવ્યાંગ અનામતના ૩% માંથી ૪% વધારાના માનનીય સરકારશ્રીના પત્ર /ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૨૦૧૭/ ૧૨૨૬૩૯/ ગ.૨ તા.૧૭/૦૯/૨૦૨૧ ના અમલીકરણ બાબતે..

**ઠરાવ નં. ૭** **માનનીય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/ ૧૦૨૦૧૭/ ૧૨૨૬૩૯/ ગ.૨ તા.૧૭/૦૯/૨૦૨૧ થી દિવ્યાંગ અનામતના ૩% માંથી ૪% વધારાનું અમલિકરણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૮. કચ્છ યુનિવર્સિટી NAAC મેળવવાની પ્રક્રિયાના પ્રથમ સોપાન રૂપ I I Q A (LOI) સબમીટ કર્યા બાબતે તથા હવે પછીની કરવાની થતી કામગીરી બાબતે ચર્ચા..

**ઠરાવઃ ૮** **પ્રથમવાર જયારે કચ્છ યુનિવર્સિટી NAAC મેળવવાની પ્રક્રિયામાં જઈ રહી છે ત્યારે સૌ અધિકારીશ્રી અને કર્મચારીશ્રીઓના આ પ્રયાસને બિરદાવવામાં આવ્યુ અને NAAC મેળવવાની પ્રક્રિયાના પ્રથમ સોપાન રૂપ I I Q A (LOI) સબમીટ થઈ ગયાની ખુશી વ્યકત કરતાં આગળની કરવાની થતી કામીગીરી હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં એકસટેન્શન સેન્ટર શરૂ કરવાની બહાલી મળતાં ચાલુ શૈક્ષણિક વર્ષથી પાંચ એકસ્ટેનશન સેન્ટરો નીચે જણાવેલ સ્થળોએ શરૂ કરવાની મંજૂરી આપવા બાબતે.

| | | |
|---|---|---|
| ૧. આડેસર | ૨. ધોળાવીરા | ૩. ગઢસીસા |
| ૪. ખાવડા | ૫. પાન્ધ્રો | |

**ઠરાવઃ ૯** **આ સેન્ટરોનો વધુમાં વધુ લાભ વિદ્યાર્થીઓને મળી શકે તેવું આયોજન કરવું અને ઉકત સેન્ટરોનો લાભ મહિલા વિદ્યાર્થીનીઓ સાથે પુરૂષ વિદ્યાર્થીઓ પણ લઈ શકે તેવી ગોઠવણી કરવા ભલામણ કરવી. ઉપરોકત પાંચ સ્થળોએ કચ્છ યુનિવર્સિટીના એકસ્ટેનશન સેન્ટરો ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી શરૂ કરવા સર્વાનુમતે મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે અને આ સેન્ટરો શરૂ કરવા સબબ આગળની કાર્યવાહિ હાથ ધરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૦. અત્રેને મળેલ અરજીઓના આધારે સંલગ્ન કોલેજો તથા જુદા–જુદા એકસ્ટેનશન સેન્ટરો ઉપર સર્ટીફિકેટ, ડિપ્લોમા અને એડવાન્સ ડિપ્લોમાં જેવા સ્કિલ બેઈઝડ કોર્ષ શરૂ કરવા બાબતે ચર્ચા.

ઠરાવ:૧૦ **જુદા–જુદા એકસ્ટેનશન સેન્ટરો, યુનિવર્સિટી,સંલગ્ન કોલેજો તથા સંસ્થાઓ દ્વારા સ્કિલ બેઈઝડ કોર્ષ શરૂ કરવા મળેલ અરજીઓ ઉપર વિચારણા કરવા નીચે મુજબની સમિતિની રચના કરવાનું ઠરાવવામાં આવે છે. આ સમિતિ અભ્યાસક્રમો, ક્રેડિટ સ્ટ્રકચર, ફી તેમજ સંશાધનો ચકાસી સર્ટીફિકેટ, ડિપ્લોમા અને એડવાંન્સ ડિપ્લોમાના અભ્યાસક્રમો શરૂ કરવા/ કરાવવા બાબતે નિર્ણય લઈ શકશે.**

| | |
|---|---|
| **૧. માનનીય કુલપતિશ્રી** | **– અધ્યક્ષશ્રી** |
| **૨. શ્રી કિરણભાઈ આહિર** | **– સભ્યશ્રી** |
| **૩. ડૉ. આશવભાઈ પટેલ** | **– સભ્યશ્રી** |
| **૪. કુલસચિવશ્રી** | **– સભ્યશ્રી** |

૧૧. યુનિવર્સિટી સંલગ્ન લૉ કોલેજોએ લેવાની થતી સંબંધિત કાઉન્સિલની માન્યતા સંદર્ભે હાઈકોર્ટમાં ચાલતા કેસ અન્વયે યુનિવર્સિટીના વકીલશ્રીને જવાબદારી આપવા બાબતે માનનીય કુલપતિશ્રીએ લીધેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

ઠરાવ:૧૧ **યુનિવર્સિટી સંલગ્ન શેઠ ડી.એલ. લૉ કોલેજ, ભૂજ કે જે ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ છે અને જેના મહેકમની નિમણૂંકની જવાબદારી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજયની છે. બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ હાલમાં જે કોલેજો પાસે પૂરતો સ્ટાફ નથી અને વર્ષો વર્ષ લેવાની થતી માન્યતા મેળવેલ નથી તેવી કોલેજોમાં વિદ્યાર્થીને પ્રવેશ આપવો નહિં તેવા નિર્ણયને કારણે ડી.એલ. લૉ કોલેજ, ભૂજએ નામદાર હાઈકોર્ટમાં B.C.I. અમને માન્યતા આપે તે સંદર્ભે કેસ ફાઈલ કરેલ છે. (SCA No. 8293/ 2024) આ કેસના સંદર્ભે કચ્છ યુનિવર્સિટીને પક્ષકાર બનાવવામાં આવેલ છે. કેસની ગંભીરતા જોતાં માનનીય કુલપતિશ્રીએ શ્રી વિમલભાઈ પુરોહિત, અમદાવાદને યુનિવર્સિટીના વકિલ તરીકે કામગીરી સોંપેલ છે જેને બહાલ રાખવામાં આવે છે. હાલમાં B.C.I. ની માન્યતા ધરાવતી ન હોય શેઠ ડી.એલ. લૉ કોલેજને " No Admission Zone" માં મુકવામાં આવેલ છે અને કોર્ટના નિર્ણયને આધિન આગળ નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૨. કચ્છ યુનિવર્સિટીના સિનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર–૧ તથા જુનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર–૩ એમ કુલ ૦૪ નીયમિત કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ:૧૨ ગુજરાત સરકાર નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/ ૧૦૨૦૨૨/ ૧ / મ તા.૧૯/૧૦/૨૦૨૨ની શરત– ૩(૧) અન્વયે "**ઉચ્ચતર પગાર ધોરણના હેતુ માટે બઢતીની ખાતાકીય પરીક્ષા જ્યાં નિયત થયેલ હોય તેવા કેસોમાં કર્મચારી જો નિયત તકમાં આવી પરીક્ષા પાસ કરે તો તેને તેની મૂળ પાત્રતા તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે અને જો નિયત તકમાં આવી ખાતાકીય પરીક્ષા પાસ ન કરે તો ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખ અથવા તેઓની પાત્રતા તારીખ બેમાંથી**

જે મોડુ હોય તે તારીખથી ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે." તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

કચ્છ યુનિવર્સિટીમાં આજ સુધી ઉચ્ચતર પગાર/ બઢતી માટે કોઈ ખાતાકીય પરીક્ષા નિયત કરવામાં આવેલ નથી કે કોઈ એવી પ્રણાલી કે નિયમ અમલમાં નથી. પરિણામે ઘણા લાંબા સમયથી નીચે જણાવ્યાનુસારના ચાર બિન શૈક્ષણિક કર્મચારીઓની ઉચ્ચતર પગારની પ્રક્રિયા અટકેલી હોઈ ખાતાકિય પરીક્ષા લીધા વગર તેઓનો ઉચ્ચતર પગાર મંજૂર કરી આગળની પ્રક્રિયાના ભાગરૂપે હિસાબી અને તિજોરી કચેરી (પી.વી.યુ.), ગાંધીનગર ખાતે મોકલવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. પી.વી.યુ. માંથી ઉકત કર્મચારીઓનો પગાર બાંધણી થઈને આવ્યા બાદ તેમને ઉચ્ચતર પગાર ધોરણ ચૂકવવામાં આવશે. ઉચ્ચતર પગાર ચૂકવતાં પહેલા તેમના પાસેથી વિકલ્પ ફોર્મ તથા જરૂરી બાંહેધરીઓ યુનિવર્સિટીના મહેકમ વિભાગે મેળવી લેવાની રહેશે. રાજ્ય સરકારશ્રી દ્વારા જો ખાતાકીય પરીક્ષા ન લેવાના સંદર્ભે ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા સબબ જો કોઈ વાંધો લેવામાં આવે તો તે વાંધો લાભાર્થી કર્મચારીઓને બંધનકર્તા રહેશે તેવી બાંહેધરી પણ મેળવી લેવાની રહેશે.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે નોકરીમાં જોડાયા ત્યારથી ૧૨ વર્ષ પૂર્ણ કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧. | શ્રી મનિષ માંગલિયા | સિનીયર ડેટા એન્ટ્રી ઓપરેટર | તા.૦૬/૦૯/૨૦૧૯ |
| ૨. | શ્રી શબ્બીરઅલ્લી ઘિણીયા | જુનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર | તા.૦૬/૦૯/૨૦૧૯ |
| ૩. | શ્રી દક્ષાબેન જોષી | જુનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર | તા.૦૬/૦૯/૨૦૧૯ |
| ૪. | શ્રી કાજલબેન વૈદ્ય | જુનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર | તા.૦૬/૦૯/૨૦૧૯ |

વધુમાં હવે પછીથી અત્રે ફરજ બજાવતાં કે નવી નિમણૂંક પામનાર તમામ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓની સરકારશ્રીના જે–તે સમયના પ્રવર્તમાન નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા જો લેવાની થતી હોય તો તે મારફતે ઉચ્ચતર પગાર/ બઢતી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૧૩. યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ માટેના નિયમો બનાવવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ: ૧૩ યુનિવર્સિટી ગેસ્ટ હાઉસ માટેના નિયમો બનાવવા નીચે મુજબની સમિતિની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

૧. માનનીય કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
૨. શ્રી કેસરાભાઈ પિંડોરીયા – સભ્યશ્રી
૩. શ્રી રામભાઈ ગઢવી – સભ્યશ્રી
૪. કુલસચિવશ્રી – સભ્યશ્રી

૧૪. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સને જુદા બે વિભાગ તરીકે વિભાજીત કરવા બાબત.

**ઠરાવ: ૧૪** **તા.૦૭/૦૬/૨૦૨૪ ના રોજ પ્રો. (ડૉ.) સુભાષ ભંડારી, ડીનશ્રી સાયન્સ ફેકલ્ટી અને અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સની તેમના વિભાગને બે વિભાગ તરીકે વિભાજીત કરવાની અત્રે મળેલ દરખાસ્તને ગ્રાહ્ય રાખવામાં આવે છે. હાલ ચાલતાં ડિપાર્ટમેન્ટ ઓફ અર્થ એન્ડ એનવાયરમેન્ટલ સાયન્સના બદલે હવે પછીથી બે જુદા–જુદા વિભાગ તરીકે એટલે કે, 1.Department of Geosciences; 2. Department of Environmental and Life Science ના નામથી કાર્યરત થશે.**

**વધુમાં આ સંદર્ભે હાલમાં ઉપલબ્ધ સંસાધનોની આંતરિક વહેંચણી સમજૂતી પૂર્વક કરવાની રહેશે તથા હાલમાં ફરજ બજાવતાં નિયમિત શૈક્ષણિક કર્મચારીશ્રીઓનું તેઓના વિષય અને કુશળતાના આધારે ડિપાર્ટમેન્ટ વાઈઝ વિભાજન નીચે કોષ્ટકમાં જણાવ્યાનુસાર કરવામાં આવે છે.**

| ક્રમ | વિભાગનું નામ | અધ્યાપકનું નામ | હાલનો હોદ્દો |
|---|---|---|---|
| ૧. | Department of Geosciences | પ્રો.ડૉ. એમ.જી. ઠક્કર | હાલમાં લીયન પર ડાયરેક્ટર, BSIP લખનઉ ખાતે |
| ૨ | Department of Geosciences | પ્રો. ડૉ. સુભાષ ભંડારી | પ્રોફેસર અને અધ્યક્ષ |
| ૩. | Department of Geosciences | ડૉ. ગૌરવ ચૌહાણ | આસી. પ્રોફેસર |
| ૪. | Department of Environmental and Life Science | ડૉ. મૃગેશ ત્રિવેદી | એસો. પ્રોફેસર |
| ૫ | Department of Environmental and Life Science | ડૉ. સીમા શર્મા | આસી. પ્રોફેસર |

**આ અંગે આગળની વહિવટી પ્રક્રિયા તથા વ્યવસ્થાની ગોઠવણી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. ભવનોમાં તા.૨/૯/૨૦૨૩ ના એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ નં.૦૪ થી બીજો તથા ચોથો શનિવારની રજા રાખેલ જે રદ કરવા બાબતે.

**ઠરાવ: ૧૫** **તા.૦૨/૦૯/૨૦૨૩ ના એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ નં.૦૪ને આજ રોજથી રદ કરવામાં આવે છે. યુનિવર્સિટી સંલગ્ન ભવનોમાં બીજો અને ચોથો શનિવાર હવે પછીથી અધ્યયન કાર્ય ચાલુ રહેશે. શૈક્ષણિક કર્મચારીઓએ આવવાનું રહેશે જ્યારે બિન શૈક્ષણિક કર્મચારીને બીજા અને ચોથા શનીવારની રજાનો લાભ અગાઉ મુજબ મળવા પાત્ર રહેશે.**

૩. GIPL ના Module માં અગાઉ ૧૧ જુદા જુદા Scope of work પૈકી ઘણાં ચાલુ નથી જે ચાલુ કરાવવા બાબત

ઠરાવ: ૧૬ **GIPL ના Module માં ૧૧ જુદા જુદા Scope of work જરૂરીયાત અનુસાર ચાલુ કરાવવા તથા તે સબબ હાથ ધરવાની થતી પ્રક્રિયા સંદર્ભે તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૪. યુનિવર્સિટી ભવનોમાં ફરજ બજાવતાં તમામ શૈક્ષણિક સ્ટાફની બાયોમેટ્રીક હાજરી બાબતે.

ઠરાવ: ૧૭ **યુનિવર્સિટી ભવનોમાં ફરજ બજાવતાં તમામ કાયમી તથા હંગામી શૈક્ષણિક સ્ટાફની ખૂલતા સત્રથી બાયોમેટ્રીક હાજરી શરૂ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. તે સંબંધે જયાં બાયોમેટ્રીક હાજરીના મશીનની વ્યવસ્થા ઉભી કરવાની જરૂર જણાય ત્યાં વ્યવસ્થા ઉભી કરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૫. બાંધકામ શાખા– હાલમાં ચાલતાં ઓડિટોરીયના કામકાજ તથા ગુણવત્તામાં થયેલ બેદરકારી બાબતે.

ઠરાવ: ૧૮ **યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા ઓડિટોરીયમના બાંધકામની તા.૩૧/૦૫/૨૦૨૪ના રોજ માનનીય કુલપતિશ્રી, યુનિવર્સિટીના ટેકનિકલ નિષ્ણાંતશ્રી એન.કે.ઓઝા અને કુલસચિવશ્રીએ સાઈટ ખાતે રૂબરૂ મુલાકાત લીધેલ. મુલાકાત દરમ્યાન ચકાસણી કરતા ઘણાં કોલમોમાં હની કોમ્બીગ હોવાનું જણાયેલ છે જે અતિશય ગંભીર બાબત છે. કચ્છ જિલ્લો ભૂંકપ ઝોન ધરાવતો જિલ્લો હોઈ ઓડિટોરીયમના બાંધકામમાં આ બેદરકારી કોઈ મોટી દુર્ઘટના સર્જી શકે તેવા પ્રકારની છે. આ બાંધકામના પ્રોજેકટ મેનેજમેન્ટ કનસલટન્ટ તરીકે શ્રી મિતુલ ઝવેરી, કર્મ કન્સલટન્સ સર્વિસીસ જેઓ આ કામ સંભાળી રહેલ છે તેઓને આ ગંભીર બેદરકારી દાખવવા બદલ તાત્કાલિક અસરથી વહિવટી પ્રક્રિયા કરી છૂટા કરવા અને આ કામ કરતી કન્શટ્રકશન કંપની મારૂતી અભિયાંત્રિક પાસેથી આ બેદરકારી બાબતે સ્પષ્ટતા/ ખુલાસો માંગવામાં આવેલ છે જેનો જવાબ આવ્યેથી આગળની કાર્યવાહિ હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ.**

૬. યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં કિચન ચાલુ કરવા તથા તેના માટે રસોઈયો અને ગેસ્ટ હાઉસ રેકટર રાખવા બાબતે

ઠરાવ: ૧૯ **યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસમાં કિચન શરૂ કરવા તથા ગેસ્ટ હાઉસના મહેમાનો માટે રૂમ બુકીગ, સફાઈ, રોજ–બરોજનો નિભાવ વગેરે વ્યવસ્થા સંભાળવા હેતુ ગેસ્ટ હઉસ સ્ટાફની જરૂરીયાત સંદર્ભે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૭. યુનિવર્સિટીની ગર્લ્સ તથા બોયઝ હોસ્ટેલ માટે મેસ ચલાવવા રસોઈયો તથા હોસ્ટેલ રેકટર/ વોર્ડન બાબતે.

ઠરાવ: ૨૦ **હાલમાં હોસ્ટેલ રેકટર તરીકે યુનિવર્સિટી અધ્યાપકશ્રી/ કર્મચારીશ્રીને ચાર્જ સોંપવામાં આવેલ છે અને વેકેશન હોવાના કારણે હોસ્ટેલ બંધ હોઈ રસોઈયો કે વોર્ડન રાખેલ નથી. વેકેશન ખૂલવામાં છે અને નવા સત્રની પ્રવેશ પ્રક્રિયા ચાલુમાં છે, ત્યારે યુનિવર્સિટી હસ્તકની ગર્લ્સ તથા બોયઝ**

**હોસ્ટેલમાં વિદ્યાર્થીઓનો રહેણાંક ટૂંક સમયમાં જ શરૂ કરવાનો થશે. જેથી વ્યવસ્થાના ભાગરૂપ બન્ને હોસ્ટેલની મેસ ચલાવવા રસોઈયો તથા હોસ્ટેલ વોર્ડનની જરૂરીયાત સંદર્ભે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૮. યુનિવર્સિટીમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિફોર્મ નકકી કરવા અને ૨–જોડી યુનિફોર્મનું કાપડ– સિલાઈ આપવા બાબત તથા ૨ વર્ષની મુદત બાબતે. (સરકારશ્રીનો જી.આર.)

ઠરાવઃ ૨૧ **યુનિવર્સિટીમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે યુનિફોર્મ નકકી કરવા બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ૧. | **શ્રી કેશરાભાઈ પિંડોરીયા** | **– સભ્યશ્રી, બોર્ડ ઓફ મેનેજમેન્ટ** |
| ૨. | **પ્રો.ડૉ. કાશ્મીરાબેન મહેતા** | **– ડાયરેકટરશ્રી, IQAC** |
| ૩. | **ડૉ. અનિલ એચ. ગોર** | **– કુલસચિવશ્રી** |
| ૪. | **શ્રી મનીષ માંગલિયા** | **– કર્મચારીશ્રી** |
| ૫. | **શ્રી ધૈર્યાબેન શાહ** | **– કર્મચારીશ્રી** |

**ઉપરોકત ચાર સભ્યશ્રીઓની સમિતિ યુનિફોર્મ માટેના કાપડનું સિલેકશન તથા સલાઈ સંબંધે માનનીય કુલપતિશ્રીને ભલામણ કરશે જે સંદર્ભે આગળની કાર્યવાહિ હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૯. યુનિવર્સિટી મારફતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી કામકાજ કરવામાં આવે છે. અમુક ટેન્ડરોની મુદ્દત પૂર્ણ થઈ ગયેલ છે, અમુકની પૂર્ણ થવામાં છે તો આગળની પ્રક્રિયા હાથ ધરવા બાબત.

ઠરાવઃ ૨૨ **યુનિવર્સિટી ખાતેના અમુક પ્રકારના ટેન્ડરની કાર્યવાહિ બાંધકામ શાખા દ્વારા જ્યારે અમુક પ્રકારના ટેન્ડરોની કાર્યવાહિ પરીક્ષા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે. જે પૈકી બાંધકામ શાખા હેઠળના ટેન્ડરોની મુદ્દત પૂર્ણ થયેલ છે અથવા ટૂંક જ સમયમાં પૂર્ણ થનાર છે તેવા સંબંધિત ટેન્ડરો માટે નવા ટેન્ડર બહાર પાડવાની સરકારશ્રીના નિયમોનુસાર સ્ટેટ લેવલ પર પ્રક્રિયા હાથ ધરવી તેવું ઠરાવવામાં આવ્યું. વધુમાં પરિક્ષા વિભાગ હેઠળના ટેન્ડરોના સંદર્ભમાં જયાં જરૂરિયાત ન હોય તેવા ટેન્ડરો વહિવટી પ્રક્રિયા પૂર્ણ કરી તે ટેન્ડરો બંધ કરવા અને જરૂર જણાય ત્યાં નવા ટેન્ડરોની નિયમોનુસારની પ્રક્રિયા હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. જેની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૦. યુનિવર્સિટી સંલગ્ન ભવનો તથા કોલેજોમાં ચાલતાં વિવિધ અભ્યાસક્રમોની NEP-2020 અંતર્ગતના અભ્યાસક્રમ મુજબ એલિજીબીલીટીના નિયમો ચકાસવા તેમજ તેમાં સુધારા–વધારા કરવા બાબતે.

ઠરાવઃ ૨૩ **યુનિવર્સિટી હસ્તક ચાલતાં વિવિધ અભ્યાસક્રમોની NEP-2020 અંતર્ગતના અભ્યાસક્રમ મુજબ એલિજીબીલીટીના નિયમો ચકાસવા અને તેમાં જરૂર જણાય ત્યાં સુધારા–વધારા કરવા સંદર્ભે સંબંધિત ફેકલ્ટીના ડીનશ્રીઓને જવાબદારી સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૧. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના પત્ર બાબતે ચર્ચા

**ઠરાવ: ૨૪** **અર્બન સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર સ્કિમ (USIS) હેઠળ કચ્છ યુનિવર્સિટીને મળેલ ગ્રાન્ટમાંથી તા.૨૪/૦૫/૨૦૨૪ના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના પત્રમાં જણાવ્યાનુંસારની રમતો માટેના મેદાનો/ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવાની કામગીરી હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તે સંદર્ભે સ્પોર્ટસ ડાયરેકટર તરીકે વ્યક્તિને નિમવા તથા ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાની તમામ સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૧૨. શ્રમ આયુકત કચેરી, ગુ.રા., ગાંધીનગરની કચેરીના પત્ર ન.શ્ર.આ.૬/ટિ.૩/૧૫૯/ ૨૦૨૪ તા.૩/૪/૨૦૨૪ વંચાણે લઈ તે અનુસાર અમલીકરણ કરવા બાબતે

**ઠરાવ: ૨૫** **રોજમદાર તરીકે કામ કરતાં કર્મચારીઓને શ્રમ આયુકત કચેરી, ગુ.રા., ગાંધીનગરની કચેરીના પત્ર ન.શ્ર.આ.૬/ટિ.૩/૧૫૯/ ૨૦૨૪ તા.૩/૪/૨૦૨૪ વંચાણે લઈ તે અનુસાર ન્યુનત્તમ વેતન ચૂકવવાનું આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. આ ઠરાવનો અમલ તા.૦૧/૦૬/૨૦૨૪ થી કરવાનું નકકી કરવામાં આવે છે.**

૧૩. પ્લાસ્ટિકની આઈટમ, કોમ્પ્યુટર પેરીફેરેલ, વુડન ફર્નિચર વગેરે જેવી બિન ઉપયોગી વસ્તુઓના નિકાલ બાબતે ચર્ચા

**ઠરાવ: ૨૬** **હાલમાં પ્લાસ્ટિકની આઈટમ, કોમ્પ્યુટર પેરીફેરેલ, વુડન ફર્નિચર વગેરે જેવી ઘણી વસ્તુઓ બિન ઉપયોગી પડી રહેલ છે કે જેને રદબાતલ કરવાની થાય છે. રદબાતલ કરવાની થતી વસ્તુઓના નિકાલ માટે સરકારી નિયમોનુસારની કાર્યવાહિ કરી ટેન્ડર પ્રક્રિયા મારફતે આવી વસ્તુઓનો નિકાલ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૪. ઓડિટોરીયમ માટે ઈન્ટીરીયર આર્કિટેક નકકી કરવા બાબતે..

**ઠરાવ: ૨૭** **યુનિવર્સિટી હસ્તકના ઓડિટોરીયનું બાંધકામ પૂર્ણ થવામાં છે ત્યારે ઓડિટોરીયમની અંદર ઈન્ટીરીયર ઉભુ કરવા માટે આર્કિટેક નિયુકત કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. નિયુક્તિ અંગે આગળની કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.**

૧૫. એમ.બી.એ.(ઈન્ટી.) માં આવેલ અરજીઓ ધ્યાને લઈ બીજો વર્ગ મંજૂર કરવા બાબતે ચર્ચા..

**ઠરાવ: ૨૮** **ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ હસ્તક ચાલતા અભ્યાસક્રમો પૈકી એમ.બી.એ. (ઈન્ટી) કોર્ષ માટે આ વર્ષે વિદ્યાર્થીઓની અરજી વધારે આવતાં અને તેના આધારે અંદાજે બીજો વર્ગ પણ પૂર્ણ થઈ જતાં ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ માટે બીજો એક વધારાનો વર્ગ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**